# શહેરમાં રોપાઓની વાવણીને અનુલક્ષી વનઆરક્ષિત જગ્યાને લોખંડી સુરક્ષા

## વનતંત્ર દ્વારા લોખંડની ઍંગલવાળી ફેન્સીંગ ફીટ કરવામાં આવી રહી છે : ચોમાસા દરમિયાન ૯૬૦૦ રોપાઓની વાવણી કરાશે

ગાંધીનગર તા ૩૧

શહેરમાં વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. શહેરી વિસ્તારમાં ચોમાસા દરમિયાન ૯ હજારથી વધુ રોપાઓની વાવણી કરવામાં આવશે. ખાડાઓ ખોદવામાં આવ્યા છે દરવર્ષે વરસાદી દિવસોમાં શહેરમાં વધુ હરિયાળી નિખારવા માટે રોપાઓની વાવણી કરવામાં આવે છે. જયારે વનઆરક્ષિત જગ્યામાં નવા રોપાઓ ઉછેરવા માટે વનતંત્ર દ્વારા ખાડાઓ ખોદવાનુ કામ પણ પુર્ણ કરી લોખંડની ઍંગલવાળી ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ સે-૧૬ , જ માર્ગ, ક માર્ગ, અને રોડ નં-૫ આસપાસ સ્થિત જગ્યામાં ફેન્સીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં




જયારે રોપાઓને નુકશાન ન થાય તેમજ યોગ્ય જાળવણી કરવા માટે વનતંત્ર દ્વારા હાલ વનઆરક્ષિત જગ્યામાં નવી ફેન્સીંગ પણ ફીટ કરવામાં આવી છે. શહેરમાં વિવિધ જગ્યાએ રોપાઓની વાવણીને અનુલક્ષી ૧૦ હજાર મીટર ઍંગલ ફેન્સીંગ ફીટ કરવામાં આવશે.

આગામી ચોમાસા પુર્વે શેહેરમાં રોપાઓની વાવણી માટે દેવાયુ છે. જયારે માર્ગોની આસપાસ સ્થિત વનઆરક્ષિત જગ્યાની ફેન્સીંગ હાલ મોટાભાગે તુટેલી જોવા મળી રહી છે. જેના પરિણામે રખડતા ઢોર તેમજ નીલગાયના ત્રાસના લીધે હરિયાળીને પણ નુકશાન પહોંચતુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. આવા સંજોગોમાં રોપાઓની વાવણી અસરકારક બને તેવા આશયથી વનતંત્ર દ્વારા વનઆરક્ષિત જગ્યામાં અંદાજિત ૧૦ હજાર મીટરની ફેન્સીંગ નવી લગાવાશે.

જેથી ચોમાસાના અંતે પણ નવા રોપાઓની વાવણીને નુકશાન ન થાય . નવી ફેન્સીંગને રખડતા ઢોર તોડી ન નાંખે તે માટે લોખંડના ઍંગલ મુકવામાં આવી રહયા છે.જયારે હાલ મોટાભાગની સિમેન્ટની થાંભલીઓ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હોમિયોપેથી કચેરીના નિયામકનો વિદાય સમારોહ યોજાયો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની હોમિયોપેથી કચેરીમાં નિયામક તરીકે ડૉ. આર.ડી. પટેલનો વયનિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં સાથી કર્મચારીઓ દ્વારા મિઠાઈ, શાલ, મોમેન્ટો, શ્રીફળ આપી નિવૃત્તિ જીવન સુખમય પસાર થાય તેવી શુભેચ્છા પાઠવી હતી. ગાંધીનગર ખાતે આવેલ ડૉ. જીવરાજ મહેતા ભવનમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના હોમિયોપેથી કચેરીમાં નિયામક તરીકે ફરજ બજાવતા ડૉ. આર.ડી. પટેલનો વયનિવૃત્તથી નિવૃત થયેલ છે. ત્યારે કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા શુભેચ્છા સહ વિદાય આપવામાં આવી હતી. જેમાં ડૉ. દિનેશ એચ. પંડ્યા, નાયબ નિયામક, ડૉ. સેજલ શાહ, ડૉ. દિનેશ ચૌધરી, પન્નાબેન ભટ્ટ અને જીગ્નેશ પરમાર દ્વારા મોમેન્ટો, શાલ, શ્રીફળ, બુકે, મિઠાઈ સાથે શુકન આપી શુભેચ્છા સહ વિદાય આપવામાં આવી હતી અને નરેન્દ્રભાઈ દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું પરિણામ

જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ધો-૧૨ના સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૦.૩૮ ટકા આવ્યું છે. શાળામાં પ્રથમ નંબરે મિત્તલ નટવરભાઈ વેગડા ૭૭ ટકા, દ્વિતીય કાજલ સંજયભાઈ પટણી ૭૫.૫૭ ટકા તથા તૃતીય રાજવી અનિલભાઈ ગુપ્તા ૭૪.૫૭ ટકા આવેલ છે. છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાં પ્રથમ ક્રમે ચૌધરી જીગ્નિશા પરાગભાઈ ૬૯.૫૭ ટકા, બીજા ક્રમે ચૌધરી મનિષા લાલજીભાઈ ૬૮ ટકા અને ત્રીજા ક્રમે ચૌધરી કાજલ ઈશ્વરભાઈ ૬૫.૧૪ ટકા આવેલ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પંડીતજી... મર્યા પછી બીજો જન્મનો કાયદો હજુ અમલમાં છે ને ??... મારા મોબાઈલમાં એટલા સુવિચાર આવે છે કે તેને પુરા કરવા બીજો જન્મ લેવો જ પડશે...!

# મુખ્યમંત્રી કાર્યાલય સેવકની દિકરીએ ભીલ સમાજનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરના સમસ્ત ભીલ સમાજની દિકરી મનિષાબેન શૈલેષકુમાર આલ્સિકાએ આર.જી. પટેલ સ્કૂલમાં ધોરણ-૧૨ની એચએચસી બોર્ડની પરીક્ષામાં ૭૭.૨૯ પર્સન્ટાઈલ સાથે બી-ટુ ગ્રેડ પ્રાપ્ત કરી સમાજનું ગૌરવ વધાર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મનિષાબેનના પિતા સચિવાલય ખાતે મુખ્યમંત્રી કાર્યાલયમાં સેવક તરીકે ફરજ બજાવે છે.

સ્વર્ણિમ સંકુલ-૧માં મુખ્યમંત્રી કાર્યાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શૈલેકુમાર આલ્સિકાની દિકરી મનિષાબેને એચએસસીની પરીક્ષામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા પિતાને ગૌરવની લાગણી પ્રદાન કરી છે. સમસ્ત ભીલ સમાજમાં મનિષાબેનના પરિણામને પગલે આનંદની લાગણી પ્રવર્તી છે અને દિકરી તથા પિતાને અભિનંદન તથા શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો



છે. મનિષાબેને ૭૭.૨૯ પર્સન્ટાઈલ સાથે બી-ટુ ગ્રેડ હાંસલ કર્યો છે. જેમાં તેમણે નામાના મૂળ તત્વો વિષયમાં સૌથી વધુ ૭૨ ગુણાંક પ્રાપ્ત કર્યા છે.



## મુખ્ય માર્ગો પર લાગેલા હોર્ડીંગ્સ હટાવ ઝુંબેશ પુનઃ શરુ

શહેરના મુખ્ય માર્ગો પર આડેધડ જાહેરાતના હોર્ડીંગ્સ લગાડી દેવામાં આવ્યા છે. અગાઉ પણ હોર્ડીંગ્સને દબાણ તંત્રએ ઉખાડી ફેંકયા હતા અને લગાડનાર માલિક સામે દંડનીય કાર્યવાહી કરી હતી. પુનઃ આ હોર્ડીંગ્સ લાગી જતાં દબાણ શાખાના અધિકારી મહેશ મોડ તેમની ટીમ સાથે આજે સેકટર-૭ અને સેકટર-૩માં સપાટો બલાવી આંતરીક માર્ગો અને ગ માર્ગ પરના હોર્ડીંગ્સનો સફાયો બોલાવ્યો હતો. હોર્ડીંગ્સ લગાવનાર સંસ્થાના માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવા પણ તજવીજ શરુ કરી દેવામાં આવી છે.

# વાહ રે તંત્ર... રખડતી ગાય હાથમાં ના આવી તો વાછરડીને લઈ ગયા..!

## વાછરડીને શોધવા ગાયે આખી રાત દેકારો મચાવ્યો : અંતે જીવદયાપ્રેમીએ દંડની રકમ ભરી ગાય-વાછરડીનુ મિલન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યા અંગે છાશવારે બુમાબુમ થાય છે. જેના કારણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ઢોર પકડ પાર્ટી દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવા માટે કમર કસવામાં આવી છે. જો કે કડક



કાર્યવાહી કરવાની લ્હાયમાં અધીરા બનેલા તંત્ર દ્વારા ઘણીવાર આંધળુકિયા કરવા સાથે ભીંત ભુલ્યા હોય તેવી કાર્યવાહી પણ કરવામાં આવે છે. તાજેતરમાં ઢોર પકડ પાર્ટી દ્વારા જડતાપૂર્વક સંવેદના વિહીન કામગીરી કરવામાં આવતા નાગરિકોમાં રોષની લાગણી ફેલાવા પામી છે. ઢોર પકડ પાર્ટી દ્વારા સે. ૧૪ ખાતેથી એક નાની વાછરડીને પકડીને લઈ જવામાં આવી હતી. જેના પગલે તેની માતા ગાયે આખી રાત દેકારો મચાવતા સેક્ટરના જીવદયા પ્રેમી નાગરિકે પોતાના ખિસ્સાના પૈસા ખર્ચી દંડ ભરી વાંછરડી છોડાવી ગાય-વાછરડીનું મિલન કરાવ્યું હતું.

સેક્ટર-૧૪માં ઢોર પકડ પાર્ટી જ્યારે રખડતા ઢોરને પકડવા આવી ત્યારે આ વાછરડીની માતા એવી ગાય પણ ગભરાઈને અન્ય ગાયો સાથે ટોળામાં ભાગી છુટી હતી અને નાનકડી વાછરડી પાછળ રહી ગઈ હતી. ઢોર પકડ પાર્ટીને કોઈ જ ઢોર હાથમાં ન આવતા અંતે ઢોર પકડ પાર્ટીએ ભૂત નહી તો ભૂતની ચોટીની જેમ પેલી નાનકડી વાછરડીને પકડી ડબામાં પુરી લઈ ગયા હતા. જેનો સ્થાનિક નાગરિકોએ વિરોધ પણ કર્યો હતો પરંતુ તેને પણ પાર્ટીએ ગણકાર્યો નહોતો. છેવટે મૂળ સ્થળે પાછી ફરેલ ગાયને તેની વાછરડી ના મળતા તે રઘવાયી થઈ હતી અને વાછરડીને શોધવા આખી રાત સેક્ટરમાં ફરીને દેકારો મચાવ્યો હતો. આ જોઈ સ્થાનિક રહીશોને અત્યંત દુઃખ સાથે ઢોર પકડ પાર્ટી પર ધૃણા પેદા થવા પામી હતી. અંતે બીજા દિવસે કનુભાઈ દેસાઈ નામના જીવદયા પ્રેમીને ગાયની હાલત પર તરસ આવતા તેમણે પોતાના ખિસ્સામાંથી ઢોર છોડાવવા માટે મનપાના દંડ પેટેના રૂ. ૯૦૦ ભરી વાછરડીને છોડાવી હતી અને ફરીથી ગાય-વાછરડીનું મિલન કરાવ્યુ હતુ. કનુભાઈ દેસાઈએ દાખવેલી સંવેદનાને રહીશોએ બિરદાવી હતી પરંતુ બીજી તરફ ઢોર પકડ પાર્ટી પોતાના કાર્યને માનવીય અભિગમ સાથે જીવદયાની સંવેદના દાખવે તેવી પણ અપેક્ષા વ્યક્ત કરી હતી.

# હેપ્પી યુથ કલબ દ્વારા સ્વચ્છતા માર્ગદર્શન સેમિનાર યોજાયો

## સે-૨૪માં યોજાયેલ સેમિનારમાં સ્થાનિક કોર્પોરેટર્સ તથા અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૩૧

હેપ્પી યુથ કલબ દ્વારા તા. ૨૮મી મે રવિવારના રોજ સેકટર-



૨૪માં અંબે માતાના મંદિર ખાતે સ્વચ્છતા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં શહેરના જાણીતા નાટયકાર હસમુખ મેકવાને શ્રમજીવી પરિવારના બાળકને સ્વચ્છતાનું મહત્વ સમજાવી સ્વચ્છતા જાળવવા અંગે માર્ગદર્શન પુરું પાડયું હતું.

સ્વચ્છતા માર્ગદર્શન સેમિનારમાં સ્થાનિક કોર્પોરેટર્સ અંકિતભાઈ બારોટ, પ્રવિણાબેન દરજી ઉપરાંત અન્ય વોર્ડમાંથી નગરસેવક હર્ષાબા ધાંધલ તથા સ્થાનિક અગ્રણીઓ કેતનભાઈ જોષી, કૈલાસબેન લખવારા,



હિરાબેન દરજી, કનુભાઈ દરજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન હેપ્પી યુથ કલબના સભ્ય વિજયસિંહ માજીરાણાએ કર્યું હતું. તથા યોગેન્દ્રસિંહ ચાવડા સહિત અન્ય સભ્યોએ વ્યવસ્થા માટે જરુરી મદદ પુરી પાડી હતી. કાર્યક્રમમાં સ્થાનિક અગ્રણી હિમાંશુભાઈ ભચેચ તરફથી બાળકોને અલ્પાહાર અને અજયસિંહ પરમાર દ્વારા પાણીની વ્યવસ્થા પુરી પડાઈ હતી. સેમિનારના અંતમાં બાળકોએ સ્વચ્છતા સંદર્ભે શપથ ઉઠાવી સુત્રો પોકાર્યા હતા.

# જિલ્લા કોંગ્રેસે વિધાનસભા જંગની રણનીતિ તૈયાર કરવાની કવાયત આરંભી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર (દ) અને દહેગામ વિધાનસભા મત વિસ્તારની ચૂંટણી અંગેના આયોજનને આખરી ઓપ આપી દેવાયો છે. ગાંધીનગર (દ) બેઠકના આગેવાનો સાથેની બેઠકમાં ગ્રામ સમિતિઓની રચના, બુથએજન્ટોની નિમણુંકો જ્યાં બાકી છે તે ઝડપથી કરી દેવામાં આવશે. આ બેઠકમાં વિધાનસભા જંગની રણનીતિ તૈયાર કરવામાં આવી હોવાનું પણ કોંગ્રેસે સ્વીકાર્યુ છે. તમામ કાર્યકર્તાઓને સાથે રાખી અને આ જંગ જીતવામાં આવશે.

'ગુજરાત કહે છે કોંગ્રેસ આવે છે'ના સંકલ્પ સાથે 'એક જ લક્ષ્ય નવસર્જન ગુજરાત'ના ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે આગામી વિધાનસભાની યોજાનાર ચૂંટણીમાં જવલંત વિજય પ્રાપ્ત કરવાની નેમ સાથે ગુજરાત કોંગ્રેસે ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી 'ઈલેકશન મોડ'માં આવી ગઈ છે. જેના ભાગરૂપે ૨૬ લોકસભા મતવિસ્તાર દિઠ અને ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાં નિરીક્ષકોની નિમણૂંકો કરી દીધી છે. જે અન્વયે અમદાવાદ પૂર્વ લોકસભામાં સમાવિષ્ટ દહેગામ અને ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના મુખ્ય આગેવાનો સાથે પરામર્શ બેઠકોનો દોર પુરો થયો છે તેની માહિતી આપતા દહેગામ તાલુકા કોંગ્રેસના પ્રમુખ બાબુસિંહ ઝાલાએ જણાવ્યુ છે કે ૩૪-દહેગામ



વિધાનસભા વિસ્તારના મુખ્ય આગેવાનોની બેઠક ગત તા. ૩૦-૫-૧૭ના રોજ દહેગામ રેસ્ટ હાઉસ ખાતે પ્રદેશ નિરીક્ષક સાગરભાઈ રાયકા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, ધારાસભ્ય કામીનીબા રાઠોડ, વિધાનસભા નિરીક્ષક અરૂણભાઈ પટેલ, વી.વી. રબારી, યાકુબભાઈ મનસુરી, અરવિંદસિંહ સોલંકીની ઉપસ્થિતિમાં મળી હતી. જેમાં નગરપાલિકા, તાલુકા પંચાયત, જિલ્લા-તાલુકા કોંગ્રેસના આગેવાનો, વિવિધ પાંખના વડા સહિત મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

૩૫-ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારની બેઠક પણ આજરોજ જિલ્લા પંચાયત હોલ, સે. ૧૭, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ નિરીક્ષક સાગરભાઈ રાયકા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જશુભા રાણા, પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલ, વિધાનસભા નિરીક્ષક અરવિંદસિંહ ચૌહાણ, જુગાજી ઠાકોર, સેંધાજી ઠાકોર, એલ.એન. પરમાર, યાકુબભાઈ મનસુરી, લાલભાઈ પટેલ, શનાભાઈ ચૌધરી, જે.ડી. ચારેલ, હેમંત ઝાલા, જીતેન્દ્રસિંહ સોલંકી, નયન શ્રીમાળી ઉપસ્થિત રહ્યા હતા તેવું ગાંધીનગર તાલુકા પ્રમુખ બાબુજી ઠાકોરે અખબારી યાદીમાં જણાવ્યું છે.

ઉપરોક્ત બેઠકની માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લાના પાંચેય બેઠકો પર વિજય પ્રાપ્ત કરવા ચૂંટણીલક્ષી માઈક્રોપ્લાનીંગ કરવામાં આવ્યુ છે જે અન્વયે જિલ્લા પંચાયત બેઠકવાર પ્રવાસ કરી સંમેલન યોજાશે. તેમજ પ્રજાનો સંપર્ક કરી પ્રજાકીય પ્રશ્નો મેળવાશે. સંગઠનમાં બાકી રહેલી નિમણૂંકો તાકીદે કરાશે. મતદાર યાદી સુધારણા કાર્યક્રમને મતદારો સમક્ષ લઈ જવાશે. તેમજ બુથ લેવલ એજન્ટની તાકીદે નિમણૂંક કરાશે. ઉપરાંત બુથ સમિતિ-ગ્રામ સમિતિની રચના પૂર્ણ કરાશે તેવુ જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવ્યુ છે.

# મનપામાં તમાકુ વિરોધી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગરપાલિકામાં આજે તમાકુ વિરોધી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. બે કર્મચારીઓ તમાકુ ખાઈને ઓફિસમાં આવતાં તેમને તંત્રના અધિકારીઓએ પકડી પાડી રૂ. ૪૦૦નો દંડ વસુલ્યો હતો.

આજે મનપાની કચેરીએ આવતા મુલાકાતીઓને પણ સિકયોરીટીના કર્મચારીઓએ તપાસ્યા હતા અને ખાસ્સો એવો જથ્થો તમાકુ, તમાકુના મસાલા તેમજ ગુટખા પકડી પાડ્યા હતા.

મનપાના બિલ્ડીંગમાં બેસતા ૨૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ તમાકુનુ વ્યસન નહિ કરવાની પ્રતિજ્ઞા સાથે સોગંદનામા પણ અધિકારીઓને કરી આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

**નામ બદલેલ છે**

મારું નામ ખત્રી મનિષાબેન કિરીટકુમાર હતું તે બદલી મનિષા મનિષ ખત્રી રાખેલ છે.

**મનિષા મનિષ ખત્રી**
પ્લોટ નં. ૧૮૫/૧,
સેક્ટર-૧/બી, ગાંધીનગર

# શ્રી છેડાલ પરગણાં ચોગાવા ગુરૂ બ્રાહ્મણ સમાજ આયોજિત સ્નેહમિલન સમારોહ

ગાંધીનગર, તા. ૩૧

શ્રી છેડાલ પરગણાં ચોગાવા ગુરૂ બ્રાહ્મણ સમાજનું સ્નેહમિલન ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યું હતું. મહર્ષિ તેજાનંદ સ્વામીની તસવીર સમક્ષ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. ગ્રીષ્મા શ્રીમાળી અને વાંસળીવાદક જીતુભાઈ દવે દ્વારા 'માડી તારૂ કંકુ ખર્યુ ને સૂરજ ઉગ્યો' આંખ બંધ કરીને એકચિત્તે ગાવામાં આવી ત્યારે ભાવવાહી વાતાવરણ ખડુ થયું હતું.

મહેમાન પ્રવીણભાઈ એચ. પંડ્યા-ગલુદણ-ભોજનદાતા, હસમુખભાઈ ગાંધી-બહિયલ-ચોપડા વિતરણના મુખ્યદાતા અને દેવેન્દ્ર પી. વૈશ્યક-ડભોડા-લોકડાયરાના સૌજન્ય દ્વારા સમાજહિતલક્ષી પ્રવચન કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના પ્રમુખ નિકુંજ પી. વૈશ્યકે આવકાર પ્રવચન કરીને આગામી કામગીરીની વિસ્તૃત વાત કરી હતી. મહામંત્રી યોગેન્દ્ર પંડ્યાએ કાર્યક્રમનો સંસ્થાનો અહેવાલ આપ્યો હતો. ભાનુભાઈ દવે (જોટાણાવાળા) દ્વારા કરવામાં આવ્યું હતું.

સમાજની વિશિષ્ટ વ્યક્તિઓ કૃતિન વિ. પંડ્યા, નવીન પી. શ્રીમાળી અને સુરેશભાઈ નાગરનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. અન્ય દાતા સૌજન્ય ઉપરાંત ભોજનદાતા ગલુદણ પંડ્યા પરિવાર, વિડીયોગ્રાફી-ફોટોગ્રાફી નિકુંજભાઈ, લોકડાયરો દેવેન્દ્રભાઈ, ટ્રોફી-પ્રમાણપત્ર કે.જી. પંડ્યા, પ્રવિણભાઈ શ્રીમાળી ઉપરાંત જગદીશભાઈ શ્રીમાળી, સ્વ. ડાહ્યાભાઈ, પૂનમભાઈ અને તુલસીભાઈ વૈશ્યકના પરિવારનું સન્માન કરાયુ હતુ.

**ખેતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય**
કૃષિભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

**ઝેરોક્ષ તેમજ સ્પાઈરલ બાઈન્ડીંગની કામગીરીના ભાવ કરાર બાબત**

ખેતી નિયામકશ્રી, ગુ.રા., ગાંધીનગરની કચેરીની ઝેરોક્ષની કામગીરી માટે કચેરી ખાતે ઝેરોક્ષ મશીન મુકીને વાર્ષિક ધોરણે પ્રતિ કોપીના દરથી કોપીવાઈઝ ઝેરોક્ષ માટે ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ જાહેરાત પ્રસિદ્ધ થયેથી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ટેન્ડર ફી ઉપરોક્ત કચેરીની નાણાં શાખામાં રોકડા ભર્યેથી તા. ૧૨/૬/૨૦૧૭, સુધી સમય ૧૧.૦૦ થી ૧૮.૦૦ કલાક દરમિયાન કોરા ટેન્ડર ફોર્મ મળી શકશે. ટેન્ડર ફોર્મ પરત સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૭/૬/૨૦૧૭ સાંજે ૧૮.૦૦ કલાક સુધી રૂબરૂ / રજીસ્ટર પો.એ.ડી.થી મળેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે. ટેન્ડર ફોર્મના કવર ઉપર 'ઝેરોક્ષ તેમજ સ્પાઈરલની કામગીરીના ભાવ કરાર માટેનું ટેન્ડર' એમ અવશ્ય લખવાનું રહેશે.

સહી/-
ખેતી નિયામક,
ગુ.રા., ગાંધીનગર

માહિતી/૬૧૯/૧૭-૧૮